# નવરાત્રી મહોત્સવ

નવરાત્રી મહોત્સવ ભારતભરમાં શક્તિની ઉપાસનાનો પર્વ છે. ગુજરાતમાંતો નવરાત્રીની ઉજવણી રસ અને ગરબાની રમઝટ સાથે નવે નવ રાત્રીએ ખુબ ઉત્સાહ અને ઉલ્લાસપૂર્વક થાય છે. ગુજરાતના ગરબા માત્ર ભારતમા જ નહિ, સમગ્ર વિશ્વમાં વિખ્યાત છે. ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં Extension Activities Cell દ્વારા દિનાંક ૦૪ ઓકટોબર,૨૦૧૮ ના રોજ આ પર્વની ઉજવણી થઈ. ગણેશ ચતુર્થીની પૂર્વ સંધ્યાએ યુનિવર્સિટી પરિવારના સભ્યોએ સાંજે ૭ : ૦૦ થી ૯ : ૦૦ દરમ્યાન આ ઉજવણીમાં ઉલ્લાસભેર ભાગ લીધો.યુનિવર્સિટી પ્રાંગણમાં સૌ કર્મચારીગણ પારંપરિક વેશભૂષામાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા. યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રીના  કરકમલોથી શરુ થયેલા માતાજીની આરતીમાં યુનિવર્સિટીના સૌ પરિવારજનો ક્રમિક રીતે જોડાયા અને નિતીભાવપૂર્વક માતા અંબાની આરતી ઉતારી. ત્યારબાદ યુનિવર્સિટીના સ્ટુડિયો વિભાગ દ્વારા આયોજિત ગરબા મહોત્સવમાં સૌ ગરબે ઘુમ્યા. કાર્યક્રમને અંતે સહુ અલ્પાહાર લઈને છુટા પડ્યા.

નોંધનીય છે કે આ કાર્યક્રમમાં યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. પંકજ જાની સાહેબ સપરિવાર/ સજોડે ઉપસ્થિત રહ્યાં અને સહુનાં ઉત્સાહમાં અતિવૃદ્ધિ કરી. યુનિવર્સિટીના કા. કુલસચિવશ્રી ડૉ. અમીબેન ઉપાધ્યાય, નિયામકશ્રી ડૉ. આવા શુક્લા સ્વયં ભાવપૂર્વક ગરબે રમીને સમગ્ર સ્ટાફની સાથે ગરબાનો આનંદ માણ્યો.







